**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

તા.૨૧/૫/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૦૨૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૯ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી, ૧૫૧ લીટર દેશી દારૂ, ૯૧ બોટલ ઇગ્લીશ દારૂ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૧,૬૧૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૨/૧૫**

**સોલા હાઇકોર્ટ :** નથુભાઇ હીરજીભાઇ પટેલ (રહે,કૃષ્ણનગર સોસાયટી, જગતપુર રોડ, ચાંદલોડીયા) એ તા.૨૦/૫/૧૫ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૪/૧૫ સવારનાં ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્રી જાન્વી (ઉ.વ.૧૫) ને આરોપી રાજુ ઉર્ફે ધોબી (રહે.શાલીન એપાર્ટમેન્ટ, નીલકંઠ ચાર રસ્તા પાસે, ગુરૂકુળ રોડ) લલચાવી ફોસલાવી, જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

**દુષ્પ્રેરણ :-** **સમાચાર યાદી નં.૧૦૨૩/૧૫**

**ઓઢવ :** સને ૨૦૧૦ થી ૨૦૧૧ નાં સમયગાળા દરમ્યાન આરોપી (૧)ગૌતમભાઇ આત્મારામ પરમાર (૨)અરવિંદભાઇ આત્મારામ પરમાર (૩) હેમાબહેન અરવિંદભાઇ પરમાર (૪) પ્રવિણભાઇ આત્મારામ પરમાર (૫) ભાવનાબહેન પ્રવિણભાઇ પરમાર (૬) રંજનબહેન રાજુભાઇ પરમાર (૭) મેનાબહેન ડાહ્યાભાઇ પરમાર (૮) હંસાબહેન નગીનભાઇ તથા (૯) કોકીલાબહેન કાંતીભાઇ પરમાર (તમામ રહે. કઠવાડા, ગુ.હા.બોર્ડ, સિંગરવા) નાઓએ ભેગામળી પરસોત્તમભાઇની દિકરી મીનાક્ષીબહેનને મકાન અને વાહન ખરીદવા બાબતે પિયરમાંથી પૈસા મંગાવી, શારીરીક અને માનશીક ત્રાસ આપતાં, આત્મહત્યા કરવા દુષ્પ્રેરણ કરતાં, તા.૧૮/૫/૧૫ સાંજનાં ૬/૨૫ વાગ્યાના સુમારે નડીયાદ રેલવે સ્ટેશન, ડાઉન લાઇન પાસે, પોતાના પુત્ર ક્રીશ (ઉ.વ.૪) ને સાથે રાખી મિનાક્ષીબહેને ટ્રેઇન નીચે પડતુ મુકી આત્મહત્યા કરી લીધી હતી. આ ગુનાની ફરીયાદ પરષોત્તમભાઇ આશાભાઇ સોલંકી (રહે,માનેશ્વરીનગર ગામડી, નવાપુરા, તા.જી.આણંદ) એ નડીયાદ ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ૦૦/૧૫ નંબરથી નોંધાવતાં, ઓઢવ પોલીસ સ્ટેશનને ફરીયાદ ટ્રાન્સફર થઇ આવતાં, આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૧૦૨૪/૧૫**

**ગોમતીપુર :** સંજનાબહેન સંજયભાઇ કડીયા (રહે,સુવર્ણ એપાર્ટમેન્ટ, રાણીપ રોડ, રાણીપ) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૫/૧૫ બપોરનાં ૨/30 થી સાંજનાં ૬/00 વાગ્યા દરમ્યાન આરોપી (૧) પ્રીકેશભાઇ અને (૨)પ્રીકેશભાઇ સાથે આવેલ ઇસમ (જે બંનેનાં પુરા નામ સરનામાની ખબર નથી) ભેગામળી સંજનાબહેનને વિશ્વાસમાં લઇ, તેમનાં કારખાના અને ઓફીસમાંથી લેડીઝ જીન્સ કુર્તા નંગ-૨૭૭ કુલ કિંમત રૂપિયા ૫૭,૫૬૯/- ની ખરીદી કરી, તે પેટે નાં ચુકવવાનાં થતાં નાણાં સંજનાબહેનને નહીં ચુકવી, સંજનાબહેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એ.પઢિયાર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૨૫/૧૫**

**એલીસબ્રીજ :** ઇમ્તીયાઝભાઇ અહેમદભાઇ દિલ્હીવાળા (રહે,પ્રભુપાર્ક સોસાયટી, એન.આઇ.ડી.પાસે, આનંદ આશ્રમ સામે, પાલડી) એ તા.૨૦/૫/૧૫ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૫/૧૫ નાં કલાક ૧૧/00 થી તા.૨૦/૫/૧૫ નાં કલાક ૧૧/00 વાગ્યા દરમ્યાન પોતાના ભાઇનાં પ્રભુપાર્ક સોસાયટી ખાતેનાં બંગ્લા નંબર ૭ નાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી અમેરીકન બનાવટની રિવોલ્વર કિંમત રૂપિયા ૧,00,000/-, અલગ-અલગ દાગીનાં તથા રોકડ રૂપિયા ૧,00,000/-, પાસપોર્ટ નંગ-૨, તેમજ લાકડાનાં કબાટનાં ડ્રોઅરમાંથી રોકડા રૂપિયા ૮0,000/- મળી કુલ રૂપિયા ૫,30,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એન.કે.વ્યાસ ચલાવે છે.

**ઓઢવ :** રમેશભાઇ રામભાઇ કરાતે (રહે, માધવ રૉ હાઉસ, વિનાયક પાર્કની પાસે, વિરાટનગર, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૫/૧૫ રાતના ૧૧/30 થી તા.૨૦/૫/૧૫ સવારનાં ૪/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાના દાગીનાં તથા રોકડ રૂપિયા ૧0,000/- મળી કુલ રૂપિયા ૧,૪0,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.એચ.દેસાઇ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૦૨૬/૧૫**

**મણીનગર :** શ્યામજીભાઇ હંસરાજભાઇ પટેલ (રહે,આમ્રકુંજ સોસાયટી, કમલેશ સોસાયટી સામે, કાંકરીયા, મણીનગર) એ તા.૨૦/૫/૧૫ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૫/૧૫ સવારનાં ૮/30 થી ૧૧/00 વાગ્યા દરમ્યાન પોતાના ઘરમાં કામ કરતી શકદાર આરોપણ બાઇ સુમનબહેન (જેના પતિનું નામ ખબર નથી)(રહે.હેગડેવાર ભવનની બાજુમાં, મણીનગર) એ ઘરમાં ડ્રોઅરમાં મુકેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,000/- અને રોકડ રૂપિયા ૫,000/- મળી કુલ રૂપિયા ૫0,000/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.જી.ચૌધરી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૨૭/૧૫</u>**

**મેઘાણીનગર** : સુનીતાબહેન ધીરેનભાઇ દત્ત (રહે,ચુવાળનગર,વિભાગ-૧, ભાર્ગવરોડ, મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૫/૧૫ સવારના ૧૧/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પસાર થઈ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનાં) સુનીતાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.કે.કુંભરવાડીયા ચલાવે છે.

**<u>બળજબરીથી રૂપિયા કઢાવી લીધા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૨૮/૧૫</u>**

**ઓઢવ** : નિતીનભાઇ રતીલાલ વાળંદ (રહે,દેવનંદનપાર્ક, ન્યુ ઇંડીયા કોલોની, નિકોલ, ઓઢવ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૫/૧૫ બપોરના ૨/૩૦ થી ૬/૩૦ વાગ્યા દરમ્યાન ઓઢવ નિકોલ રોડ ઉપર આવેલ સરદાર મોલ આગળથી ચાર અજાણ્યા પુરૂષ પોતાને ક્રાઇમબ્રાન્ચનાં માણસો હોવાની ઓળખ આપી, નિતીનભાઇને રીક્ષામાં બેસાડી, તેમની પાસેથી બળજબરીથી રૂપિયા ૨૦,૦૦૦/- કઢાવી લઇ, નિતીનભાઇને સુભાષબ્રીજ આર.ટી.ઓ.સર્કલ ખાતે રીક્ષામાંથી નીચે ઉતારી દઇ પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.જી.ખાંટ ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૦૨૯/૧૫</u>**

**ચાંદખેડા** : રીતેષકુમાર ઉમેદભાઇ પરમાર (રહે,નંદનવન બંગ્લોઝ, ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૫/૧૫ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની મારૂતી ઇકો ગાડી નંબર જીજે.૧.આર.એ.૯૯૩૮ કિંમત રૂપિયા ૨,૩૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ તા.૨૦/૫/૧૫ સવારનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**સરદારનગર** : રામપ્રસાદ કલ્યાણજી મારવાડી (રહે,સમરથનગર, હાંસોલ, સરદારનગર) એ તા.૨૦/૫/૧૫ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૫/૪/૧૫ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે સમરથનગર, જીવનદીપ હોસ્પીટલની દિવાલ નજીક પોતાની બોલેરો પીકઅ ગાડી નંબર જીજે.૧.બી.વી.૭૬૩૯ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ તા.૨૬/૪/૧૫ સવારનાં ૬/૦૦ વાગ્યા દરમ્યાન ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એલ.જી.ખરાડી ચલાવે છે.

**નરોડા** : લલીતભાઇ સાકરચંદ પટેલ (રહે,પુજા એપાર્ટમેન્ટ, શિલ્પ રેસીડન્સી સામે, હિરાવાડી, નરોડા) એ તા.૨૦/૫/૧૫ નારોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૫/૧૫ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક પોતાની મહીન્દ્રા મેક્સ ગાડી નંબર જીજે.૧૬.યુ.૯૫૯૨ કિંમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ તા.૧૫/૫/૧૫ સવારનાં ૫/૦૦ વાગ્યા દરમ્યાન ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૦૩૦/૧૫**

**બાપુનગર :** શૈલેષભાઇ જોરાવરસિંહ ચૌહાણ (રહે, માણેકનાથ નગર, વિભાગ-૧, મેમ્કો નરોડા) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૫/૧૫ રાતના ૦૦/૧૫ વાગ્યાના સુમારે બાપુનગર ગાયત્રી મંદિર સામેનાં રોડ ઉપરથી પોતાના મામા રાજેન્દ્રસિંહ જવાનસિંહ બારડ (ઉ.વ.૪૩) મોટર સાયકલ ચલાવી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક અજાણ્યા વાહન ચાલેકે પોતાનું વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, રાજેન્દ્રસિંહનાં મોટર સાયકલને ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ રાજેન્દ્રસિંહને મૃત જાહેર કર્યા હતા. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી એમ.કે.ખાંટ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૩૧/૧૫**

**મેઘાણીનગર :** હસુમતીબહેન શૈલેષભાઇ પરમાર (ઉ.વ.૩૨)(રહે,ચુવાળનગર, વિભાગ-૨, ભાર્ગવરોડ, મેઘાણીનગર) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૦/૫/૧૫ સવારના ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કેરોશીન છાંટી, સળગી જતાં, શરીરે ગંભીર રીતે દાઝી જતાં, સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૦/૫/૧૫ નાં કલાક ૧૨/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હ્તુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.પી.તરેટીયા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)